આનંદનગર પોલીસ સ્ટેશન

ટે.નં.૦૭૯-૨૬૭૬૨૨૫૦

ઇમેઇલ આઇડી- polstn-anand-ahd@gujarat.gov.in

આનંદનગર પોલીસ સ્ટેશન "સી ટીમ" ની પ્રસંશનીય કામગીરી

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા સી ટીમ ના હેડને લગતી કામગીરી કરવા આપેલ સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આનંદનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન "સી ટીમ" ના પ્રો. પો.સ.ઇ એસ.કે.બારડ તથા સ્ટાફના માણસો દ્વારા "તારાબહેન ઉર્ફે તખીબહેન વા/ઓ રામજીભાઇ ભીખાભાઇ જાતે સોલંકી ઉવ.૭૦ રહે- એફ/૨૦૮ શ્રીનંદનગર વિભાગ-૩ સોનલ સીનેમા રોડ વેજલપુર અમદાવાદ નાઓ છેલ્લા ઘણા સમયથી ભીક્ષુક છે જેઓ શ્યામલ ચાર રસ્તા પાસે શાંગ્રીલા આર્કેડની સામે રોડની બાજુમા બેસી ઘણા સમયથી ભીક્ષુક તરીકે બેસતા હતા અને તેઓની દીકરી મધુબેન નો દિકરો જીગર જયંતીભાઇ વડશરા ઉવ.૨૫ રહે- સદર નાનો તારાબહેનને ઘણા લાંબા સમયથી વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે પોતાની એક્ટીવા પર પાછળ બેસાડી સદર જગ્યાએ ભીખ મંગાવવા સારૂ બેસાડીને પરત લઇ જતા હોય અને તારાબહેન ઉવ.૭૦ ના સીનીયર સીટીઝન હોય જેઓની કાળજી અને દેખભાળ રાખવાની જવાબદારી તેઓની હોવા છતા જાહેરમા બીનવારસી (અનએટેન્ડેન્ટ) ભીક્ષા માંગે તે સારૂ અને આવતા જતા રાહદારી તથા આજુબાજુ રહેતા માણસોને ત્રાસ અને અડચણ પહોંચે તે રીતે મુકી જતો રહેલ છે" જે મતલબે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબનો ગુન્હો રજીસ્ટર કરી પ્રશંશનીય કામગીરી કરવામા આવેલ છે. તા.૧૧/૦૨/૨૦૨૦

ગુ.ર.નં./કલમ :- સે.ગુ.ર.નં.૩૦૧૭/૨૦૨૦ ધી ઇપીકો કલમ- ૨૬૮,૨૯૦ તથા મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીજન એક્ટ ૨૦૦૭ ની કલમ- ૨૪ મુજબ

આરોપી:- જીગર જયંતીભાઇ વડશરા ઉવ.૨૫ રહે- એફ/૨૦૮ શ્રી નંદનગર વિભાગ-૩ સોનલ સીનેમા રોડ, વેજલપુર, અમદાવાદ શહેર